# સેકટર-૩/ન્યુ વિસ્તારમાં નીલગાયનો ત્રાસ યથાવત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના છેવાડાના સેકટર- ૩ એ ન્યું ખાતે રહેણાંક વિસ્તારમાં નાગરીકોના ઘરમાં નીલગાય ડોકીયા કરે છે. ત્યારે અચાનક દોડીને જતી રહેતી નીલગાય વાહન અકસ્માત નોંતરે છે. નીલગાયના ભયને પગલે વસાહતીઓ ઘરની બહાર નીકળતા પણ વિચાર કરે છે. ત્યારે સેકટરમાં અડીંગો રહેતી નીલગાય જંગલ વિસ્તાર જ ના રહેતા રહેણાંક વિસ્તારમાં આવી ગઈ છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર નીલગાય બિન્દાસ્ત ફરતી હોય છે. નીલગાયને પગલે કેટલાક નાગરીકોને ઈજા તો પહોંચી છે તો કેટલાકે જીવ ખોવાનો વારો પણ આવ્યો છે.વાહનોના હોર્નથી ભયના માર્યે અચાનક દોડીને જતી નીલગાય વાહન સાથે અથડાય



જમાવીને બેસતી નીલગાયને લઈ જવા માટે વનવિભાગ સમક્ષ લેખિત રજુઆત વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાં વિકાસે હરણફાળ ભરી છે. ત્યારે રાજયના પાટનગરનો પણ રોકેટગતિએ વિકાસ થવા પામ્યો છે. અમદાવાદ ગાંધીનગર ટ્વીન સીટી બનવા જઈ રહ્યું છે.ગાંધીનગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ગાંધીનગર અમદાવાદ માર્ગ પર લહેરાતા ખેતરોમાં હાલના સમયે મોટી ઈમારતો બની ગઈ છે. જેમાં ફલેટ, બંગ્લોઝ, સોસાયટી,સહિતનો સમાવેશ થાય છે. લાખો મકાનો બની જતા ચારે બાજુ કોંકીટનું જંગલ ઉભુ હોય તેવું લાગે છે. ત્યારે વન્ય પ્રાણીઓને રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. જંગલોમાં છે જેમાં અકસ્માતમાં વાહનનો ખુડદો બોલી જાય છે અને અંદર બેસેલા મુસાફરોને પણ ઈજાઓ પહોંચે છે. તો બીજીતરફ નીલગાયને પણ ગંભીર ઈજાઓ પહોંચે છે. ત્યારે સેકટર-૩ ના સરકારી દવાખાના તેમજ ખુલ્લુ ગ્રાઉન્ડ નીલગાયનું રહેઠાણ બની જવા પામ્યું છે. આ વિસ્તારમાં નીલગાય બિન્દાસ્ત બનીને હરે ફરે છે. જયારે સેકટરના આંતરીક માર્ગ પર અચાનક આવી જતા સેકટરના નાગરીકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. નીલગાયને પકડી યોગ્ય સ્થાને મુકવામાં આવે તેવી રજુઆત વસાહત મંડળ દ્વારા વનવિભાગને કરવામાં આવી છે.ત્યારે જોઈએ સેકટર-૩ ન્યું ખાતેથી કયારે નીલગાયને તંત્ર દ્વારા પકડવામાં આવે છે કે નહીં...

# સે-૨૧માંથી નોનવેજની લારીઓ દુર કરવા નાગરિકોની માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલની સામેની બાજુએ સાંજ ઢળતા જ ચાર થી પાંચ નોનવેજ પીરસતી લારીઓ ઉભી રહે છે. આ લારીઓ મોડીરાત સુધી ખુલ્લી રહેતા રાત્રે કાયમ ઝઘડા થાય છે. જયારે નોનવેજનો વેસ્ટ ખુલ્લામાં ફેંકતા અતિશય દુર્ગંધ મારતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. સ્થાનિક નાગરીકોએ અનેકવાર તંત્ર સમક્ષ ફરિયાદ કરી હોવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે સે-૨૧ માં રાત્રી બજારમાં ધમધમતી નોનવેજની લારીઓ બંધ થાય તેવી માંગ નાગરીકોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નોનવેજની લારીઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. જેમાં સેકટર-૫ સીએનજી પંપ પાસે, સેકટર-૩૦ સર્કલ, ઘ-૫,મીનાબજાર, એસટી ડેપો પાછળની બાજુ તે સહિત સેકટર-૨૧ નો પણ સમાવેશ થાય છે. સે-૨૧ માં તેમજ સે-૫ માં નોનવેજની લારીઓ ખડકાતા આ સ્થળ નોનવેજ પોઈન્ટ બની જવા પામ્યો છે. ત્યારે સેકટર-૫ માં પણ નાગરીકોની ફરિયાદો ઉઠવા પામી હતી. પરંતુ લારી ચાલકો દુર જતા રહેતા સમસ્યાનું સમાધાન થઈ ગયું હતું. જયારે સે-૨૧ માં લાઈનસર ઉભી રહેતી લારીઓને પગલે સાંજ ઢળતા જ યુવાવર્ગનો ભારે જમાવડો થાય છે. જયારે બીજીતરફ નોનવેજ જમવા માટે આવતા મોટાભાગના નશામાં હોવાથી રાત્રીના સમયે ઝઘડાના દ્રશ્યો પણ સર્જાય છે. સે-૨૧ શોંપિગ સેન્ટર તરફ જવા માટે માર્ગ હોવા છતા સાંજ પછી મહિલાઓ અહીંથી પસાર થવાનું ટાળે છે.

જયારે નોનવેજની દુર્ગંધથી સ્થાનિક નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. નાગરીકોએ અનેકવાર તેઓને અન્યત્ર ખસી જવા માટે જણાવ્યું છે પરંતુ લારીઓવાળા નાગરીકોને ગાંઠતા નથી. જયારે નોનવેજનો વેસ્ટ ત્યાં જ નાંખી દેતા હોવાથી ગંદકીની સમસ્યા ઉદભવી છે. ત્યારે તંત્રના અધિકારીઓ પણ આ વેપારીઓ પર મહેરબાન હોય તેવું લાગી રહ્યું છે. નાગરીકોની રજુઆત છતા આ નોનવેજના વેપારીઓની લારીઓ એક ઈંચ પણ કોઈ ખસેડી શકતું નથી. ત્યારે તાત્કાલીક અસરથી લારીઓ ખસેડવા માટે સ્થાનિક નાગરીકો તેમજ શોંપિગના વેપારીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ઉદ્યોગ ભવનના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીને માહિતી આયોગે ૨૫ હજારનો દંડ કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ઉદ્યોગભવન સ્થિત ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરની કચેરીના મદદનીશ ભુસ્તરશાસ્ત્રી અને જાહેર માહિતી અધિકારી એ.વી. અંકોલકર લાંબા સમયથી અરજદારને માહિતી આપવામાં નિષ્ફળ રહેતા રાજ્ય માહિતી આયોગ દ્વારા માહિતી અધિનિયમની કલમ ૨૦(૧) અન્વયે રૂ. ૨૫૦૦૦નો દંડ ફટકાર્યોછે.

માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મૂળ કચ્છના કૈલાસનગર ૬૮૭ મધુકુંજના નિવાસી ધનંજય પ્રફુલચંદ્ર કુરવા થોડા સમય અગાઉ નમુના પ્રમાણેની કેટલીક માહિતી અધિકારી અને કમિશ્નર ઉદ્યોગભવન ગાંધીનગરને કરી હતી. ગત ૨૩-૧૦-૨૦૧૩ના રોજ માંગેલી માહિતીનો જવાબ પ્રથમ અપીલ મદદનીશ ભુસ્તરશાસ્ત્રી (લીઝ) ગાંધીનગરને કરી હતી. જેઓ માહિતી પુરી પાડવામાં નિષ્ફળ ગયા હતા. પરિણામે વિવાદીએ રાજ્ય માહિતી આયોગમાં બીજી અપીલ કરી હતી. જેમાં કેસ ચાલી જતા જજમેન્ટ વિવાદી તરફી આવ્યુ હતુ. જેમાં આયોગ દ્વારા હૂકમ કર્યા પછી પણ વિવાદીને માહિતી આપવા નિષ્ફળતા દાખવવા બદલ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નર કચેરી ઉદ્યોગ ભવનના જાહેર માહિતી અધિકારી અને મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી (લીઝ)ને માહિતી અધિનિયમની કલમ ૨૦(૧) અન્વયે રૂ. ૨૫ હજારનો દંડ કરવામાં આવ્યો છે.



## જે. એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થિનીઓનું ગૌરવ

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયની ધો-૬ની વિદ્યાર્થીની પટેલ તૃપ્તીબેન કિશોરભાઈ તેમજ પ્રધાન કૃપાલી બેન પ્રદિપભાઈએ ટેક-વોન-ડો ની તાલિમક દરમિયાન અમદાવાદ તેમજ આણંદ ખાતે ભાગ લીધો હતો. જેમાં બંન્ને વિદ્યાર્થીનીઓએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી પરિવાર તેમજ શાળાનું ગૌરવ વધાર્યુ છે. શાળાના આચાર્ય મીનાબેન ચૌધરીએ શાળા પરિવાર તરફથી બંન્નેને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

# લીમડાના મ્હોરના રસનું અવિરત વિતરણ કરતા સેવાભાવી જોષીદાદા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં ચૈત્રી નવરાત્રી શરુ થતા જ નાગરીકો લીમડાના મ્હોરનો રસ પીવાનું શરુ કરે છે. જયારે શહેરમાં કેટલાક સેવાભાવી નાગરીકો વિનામુલ્યે આ રસનું વિતરણ કરે છે. લીમડાના મ્હોરનો રસ પીવાથી ચામડીના રોગો, ડાયાબીટીસ તેમજ વર્ષ દરમિયાન આવતા તાવમાં ઉપયોગી બને છે. આર્યુવેદ શાસ્ત્રમાં પણ લીમડાના મ્હોરના રસને ગુણકારી માનવામાં આવે છે. જયારે રોજ સવારે લીમડાના મ્હોરનો રસ માત્ર ૨૦ થી ૩૦ એમ.એલ પીવાથી વર્ષ દરમિયાન આવતા તાવ તેમજ ડાયાબિટીસમાં ગુણકારી સાબિત થાય છે. ત્યારે નોકરીના પગલે કેટલાક નાગરીકો પાસે ટાઈમ ના હોવાથી શહેરમાં છુટક રૂ.૧૦માં મ્હોર વેચાય છે. ચૈત્ર માસની નવરાત્રી દરમિયાન સેકટર-૬બી ખાતે રહેતા અને જોશીદાદાના હુલામણા નામથી જાણીતા સેવાભાવી રોજ સવારે લીમડાના મ્હોરના રસનું વિતરણ નાગરીકોને કરે છે. નગરના નાગરીકોનું સ્વાસ્થય તંદુરસ્ત રહે તે માટે તેઓ મ્હોરનો રસ પીવડાવે છે. જયારે કેટલાક નાગરીકો અતિશય કડવુ ન પી શકતા હોવાથી મ્હોરના રસની અંદર સુંઠ, ગોળ, મરી, નાંખે છે તો કેટલાક વિવિધ આર્યુવેદિક



દવાઓ પણ ઉમેરીને પીતા નજરે પડે છે. ચૈત્ર માસની નવરાત્રી દરમિયાન પીવામાં આવેલ લીમડાના મ્હોરનો રસ મનુષ્ય શરીર માટે અતિ ગુણકારી અને લાભદાયી નીવડે છે. આર્યુવેદીક અને પારંપારિક શાસ્ત્ર મુજબ લીમડામાં એન્ટીબાયોટીક ગુણધર્મ હોવાને કારણે સામાન્ય બિમારી શરીરમાં વર્ષ દરમિયાન વર્તાતી નથી.

# ૨૫મીએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુનિયર ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ૨૫મી માર્ચ ૨૦૧૮ના રોજ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જુનિયર ક્લાર્કની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત ૧૧મી મે ૨૦૧૭ના રોજ જુનિયર ક્લાર્કની જગ્યા ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. જુનિયર ક્લાર્કની જગ્યા માટે ઓનલાઈન અરજી કરી નિયત ફી ભરેલ હોય તથા જગ્યા માટેની નિયત લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે આગામી ૨૫મી માર્ચ ૨૦૧૮ને રવિવાર સવારે ૧૧ થી ૧૨ કલાક દરમિયાન ગુજરાતના અમદાવાદ ગાંધીનગર, રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લા કેન્દ્રો ખાતે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

લેખિત પરીક્ષાના કોલલેટર રાજકોટ મહાનગર પાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર મુકવામાં આવેલ છે. ઉમેદવારોને કોલલેટર ડાઉનલોડ કરવા અને પરીક્ષાના નિયત દિવસે રીપોર્ટીંગ ટાઈમ સવારે ૧૦ કલાક પહેલા તેઓના પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા માટે હાજર રહેવું.

# માનવ કલ્યાણ સોશ્યલ વેલ્ફર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ટ્રાયસીકલ અને લારીનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદના સરખેજ સ્થિત માનવ કલ્યાણ સોશ્યલ વેલ્ફર ફાઉન્ડેશન ટ્રસ્ટ ખાતે નોર્થ વેસ્ટ રીલીફ ટ્રસ્ટ (યુકે)ના સહયોગથી સમાજના દિવ્યાંગો તથા જરૂરીયાતમંદોને પગભર બનાવવા વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ તથા લાભાર્થીઓ હાજર રહ્યા હતા.




આ કાર્યક્રમમાં માનવ કલ્યાણ સોશ્યલ વેલ્ફેર ફાઉન્ડેશન ટ્રસ્ટ મારફતે નોર્થ વેસ્ટ રીલીફ ફાઉન્ડેશન (યુકે)ના ટ્રસ્ટી હાજી યાકુબભાઈ ઝીંગા તથા શાહનવાઝખાન પઠાણ અને વડોદરાની હેલ્પીંગ હેન્ડ સંસ્થાના નૂરજહાઆપા બચારવાલા, ઉપરાંત એફ.ટી. પઠાણ અને ટ્રસ્ટી યુસુફખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સમાજના શારીરિક રીતે વિકલાંગ યુવાનો તથા શ્રમિક પરિવારના ગરીબોને પગભર બનાવવાના ઉમદા હેતુથી ટ્રાયસીકલો અને ચાર પૈડાવાળી લારીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આવનાર દિવસોમાં ટ્રસ્ટ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે તેમ ટ્રસ્ટી યુસુફખાન પઠાણે જણાવ્યું હતું.

# વિદ્યાપીઠ નજીક હત્યા કેસમાં હજુ પોલીસને કડી મળી નહીં

શહેરના આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસેના પોશ એરિયામાં જાહેરમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા એક આંગડિયા પેઢીના કર્મચારીઓ દ્વારા પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરીને મોતને ઘાટ ઉતારવાના ચકચારભર્યા પ્રકરણમાં પોલીસના હાથે કોઈ નક્કર પુરાવા કે કડી મળી આવી નથી. બનાવના ત્રણ દિવસ બાદ પણ પોલીસના હાથ હજુ ખાલી છે. બીજીબાજુ, ચકચારભરી આ લૂંટ વીથ મર્ડરની ઘટનામાં જે કારમાં આંગડિયા પેઢીના કર્મચારી ગુજરાત વિદ્યાપીઠ આવ્યા હતા તે બોલેરો કારના સીસીટીવી ફુટેજ સામે આવ્યા છે, તેથી તેના આધારે પણ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે ગઈકાલે આ સમગ્ર ગુનામાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલુ એક બાઈક મેઘાણીનગર વિસ્તારમાંથી કબ્જે કર્યું હતું, જે બાઈક બનાવના એક દિવસ પહેલાં જ ચાંદખેડા વિસ્તારમાંથી ચોરી થયું હતું. પોલીસે સીસીટીવી ફુટેજ અને અન્ય મુદ્દાઓના આધારે તપાસ હાથ ધરી છે પરંતુ હજુ સુધી પોલીસેને એવી કોઈ નક્કર કડી કે પુરાવા હાથ લાગ્યા નથી કે, જેના આધારે પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકે.

# મિશન સ્ટાર્ટઅપમાં ઈનોવેશન, બિઝનેસ મોડલ અને ઈન્ટ્યુશન ના હોય તો આ માર્ગે જશો નહી

ભારતમાં દર વર્ષે એવરેજ ૮૦૦ સ્ટાર્ટઅપ કંપનીઓ સ્થપાઈ રહી છે પરંતુ ઈનોવેશનના અભાવે મોટાભાગના સ્ટાર્ટઅપ ફેઈલ થઈ જાય છે. છેલ્લા બે વર્ષમાં ભારતમાં ૧૫૦૦ થી વધુ સ્ટાર્ટઅપ શરૂ થઈને બંધ થઈ ગયા છે. કેન્દ્રની મોદી સરકારનો દાવો છે કે ૨૦૨૦ સુધીમાં ભારતમાં ૧૧૫૦૦ સ્ટાર્ટઅપ બિઝનેશ શરૂ થયેલા હશે અને તેમાં ૨,૫૦૦,૦૦ને નોકરી મળી હશે. હાલ તો સ્ટાર્ટઅપની કંપનીઓ ૫૦૦૦ સુધી પણ પહોંચી શકી નથી. નિષ્ણાંતો કહે છે કે ઈનોવેશન નહીં હોય તો સ્ટાર્ટઅપ બિઝનેશ ચાલી શકશે નહીં. મોદી સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુએ ગુજરાતમાં આવીને બહુ સારી વાત કહી છે. તેમણે કહ્યું છે કે- “જો કોઈ સ્ટાર્ટ અપને સફળ બનાવવું હોય તો બજારમાં ગેપ(અવકાશ) ક્યા છે તે શોધવું જોઈએ અને તેની આસપાસ વેપાર મોડલ તૈયાર કરવું જોઈએ.” તેમણે કહ્યું છે કે શરૂ થનારા દરેક સ્ટાર્ટ અપ ટકી ન શકે. પરંતુ બજારની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને, જે ક્ષેત્ર હજુ વણખેડાયેલું હોય, એવા ક્ષેત્રમાં સ્ટાર્ટ અપ સફળ થવાની સંભાવના વધી જાય છે. અંતઃપ્રેરણા (હૈંહ) એ જીવનની અત્યંત મહત્વની બાબત છે. પોતાની અંતઃકરણથી આવતા વિચારો પર વિશ્વાસ ન કરે એ વ્યક્તિ સફળ થઈ શકતો નથી. આ માટે યુવાન ઉદ્યોગ સાહસિકોને તેમણે સલાહ આપી હતી કે તમારી આંખો ખુલ્લી રાખો, બરાબર વિચારો અને બજારમાં રહેલા એ ગેપને શોધી કાઢો તથા એ ગેપને પૂરો કરવા માટે વેપાર મોડલ તૈયાર કરો.

**આપણે તો જાહેરાત કરી છે પણ મહારાષ્ટ્ર સરકારે તો નવા વર્ષે અમલ કરી દીધો**

**● ગુજરાતી કરતાં મરાઠી લોકો કેમ આગળ છે...**

ગુજરાતને પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી બનાવવાની જાહેરાત સરકારે રાજ્યના સ્થાપના દિન ૧લી મે ના રોજ કરી હતી પરંતુ આજદિન સુધી આ દિવસ આવ્યો નથી. જાહેરાત તો સારી છે પરંતુ તેનો અમલ કરવા માટે સરકાર પાસે મેનપાવર નથી. કોઈ વ્યક્તિ જાહેરમાં સિગારેટ પીવે છે તેને દંડનારની સત્તા વહેંચાયેલી નથી. પોલીસને આ કામ કરવું નથી, કારણ કે ખુદ પોલીસ આ ચૂંગાલમાં ફસાયેલી છે. પ્લાસ્ટીક ફ્રી ની આપણે વાતો કરીએ છીએ ત્યારે શું આપણે કાપડની થેલી લઈને શાકભાજી લેવા જઈએ છીએ. કરિયાણાની દુકાને પણ આપણે કોથળી માગીએ છીએ. ભલું થજો મહારાષ્ટ્રીય જનતાનું કે નવા વર્ષ- ગુડી પડવા ના દિવસે આખું મહારાષ્ટ્ર પ્લાસ્ટીક ફ્રી ઝોનમાં ફેરવાઈ ગયું છે. સરકારને તેનો અમલ કરતાં નાકે દમ આવી ગયો છે, કારણ કે પ્લાસ્ટીકના મેન્યુફેક્ચરર્સે આખા રાજ્યમાં સરકારના નિર્ણયનો વિરોધ અને પ્રદર્શનો કર્યા છે, તેમ છતાં મહારાષ્ટ્રની ભાજપ સરકાર મક્કમ છે. ગુજરાતની સરકાર મક્કમ હોવાની વાત તો દૂર રહી, સચિવાલયના પાર્કિંગ અને સેનિટેશન સિસ્ટમમાંથી પણ પ્લાસ્ટીક અને તમાકુનો કચરો દૂર કરાવી શકતી નથી. કહેવાની ઈચ્છા થાય કે- નિર્ણય લેવાની આપણામાં કેપેસિટી હોય તો, તેનો કડક અમલ કરાવવાની આપણી પાસે હિંમત હોવી જોઈએ.

**● એડિશનલ ચાર્જની ફેશન બંધ થવાની નથી...**

ગુજરાતના મહત્વના વિભાગો વધારાના હવાલા સાથે કામ કરી રહ્યાં છે ત્યારે બે જગ્યાએ કામ કરતા ઓફિસરો એકપણ વિભાગને સરખો ન્યાય આપી શકતા નથી. હમણાં જ નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકીમ ડેપ્યુટેશન પર દિલ્હી ગયા છે ત્યારે તેમની જગ્યાનો વધારાનો હવાલો ફોરેસ્ટ અને એનવાયર્નમેન્ટ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલને સોંપવામાં આવ્યો છે. આ પહેલાં પ્રિન્સિપલ સેક્રેટરી એમ.કે.દાસ કે જેઓ ઈન્ડસ્ટ્રીઝ વિભાગનો હવાલો સંભાળે છે. તેમને મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી બનાવવામાં આવેલા છે. આવી સાત મોટી જગ્યાઓ છે કે જ્યાં વધારાના હવાલાથી વિભાગો ચાલે છે. વિભાગોમાં ૧૨થી વધુ ઉચ્ચ ઓફિસરો એવા છે કે જેમને એક જગ્યાએ ત્રણ કે તેથી વધુ વર્ષ થયા છે. ગુજરાતના ૨૦ આઈએએસ ઓફિસરો ડેપ્યુટેશન પર ગયેલા છે. આ સંજોગોમાં હવે વિધાનસભાની સત્ર સમાપ્તિ બાદ સચિવાલયમાં મોટાપાયે ફેરફારો નિશ્ચિત બન્યા છે.




**● રૂપાણી સરકારની પ્રગતિશીલતા ક્યારે શરૂ થશે...**

સચિવાલયની સ્થિતિ જોતાં એવું લાગી રહ્યું છે કે રૂપાણી સરકાર ફાસ્ટટ્રેક મોડમાં નથી. મોદી સરકારની અધુરી યોજનાઓ હજી લંબાતી જાય છે. સરકારે બજેટમાં નવી યોજનાઓમાં મોટો કાપ મૂક્યો છે. વિભાગોના બજેટને કાપી નાંખવામાં આવ્યા છે. કેટલીક યોજનાઓના ચોક્કસ પરિણામ આવતા નથી જેમ કે મોદીના ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસર યોજનામાં કોઈ ખાસ પ્રગતિ નથી. બાર શહેરોને સિસ્ટર સિટી બનાવવાના કન્સેપ્ટ પર હજી નક્કર કામગીરી થઈ નથી. તાલુકા સરકારમાં લોકોનો અવાજ દબાઈ ગયો છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન અને રાઈટ ટુ એજ્યુકેશન માત્ર કાગળ પરના વાઘ સાબિત થયા છે. ટુરિઝમની મિલકતોના નિકાલ માટે દસ વર્ષમાં દસ પ્રયાસો થયા છે પણ તેમાં નિષ્ફળતા મળી છે. પોલીસ અને જનતા મિત્ર બની શક્યા નથી. કર્મયોગી તાલીમનો હવે અર્થ રહ્યો નથી. વિભાગોના ભ્રષ્ટાચારમાં નિયંત્રણો આવ્યા નથી. ગુજરાતમાં આજેપણ ભેળસેળ યુક્ત ખોરાક મળે છે. કિસાનોને એમએસપી મળતી નથી. યુવાનોને રોજગારી નસીબ નથી. જીઈઢ અને જૈંઈમાં કાર્યવાહી સ્થગિત છે. ગુજરાતની જનતા ૭૨ રૂપિયે લિટર પેટ્રોલ મેળવે છે. ડિજીટલ યુગ અને કેશલેસ વહીવટ ચાલતો નથી. સરકારમાં મોદીના ટેન્યોર સમયે બનાવવામાં આવેલી અને સતત અપડેટ રહેતી સરકારની ૧૭૫ પૈકી ૧૦૦ વેબસાઈટ ઓફલાઈન થઈ ચૂકી છે. આમ છતાં કહેવાય છે પ્રગતિશીલ ગુજરાત...

**બહું થયું... ઓફિસરોની બદલીઓ કરો, જેને વિદેશ દૂર કરવી હોય તેને કરવા દો**

**● ગુજરાતની વીજળીના ખરીદારો ઓછા કેમ થયા!**

ગુજરાતમાં સરપ્લસ વીજળીનાદાવા કરતી ગુજરાત સરકાર હવે અન્ય રાજ્યોને વધારાની વીજળી વેચી શકતી નથી. છેલ્લા બે વર્ષમાં સરકારે માત્ર બે રાજ્યોને વીજળી આપી છે, જે અગાઉના વર્ષોમાં ગુજરાત એકસાથે નવ રાજ્યોને વીજળી આપતું હતું. ગુજરાતમાં ઉત્પાદિત થતી વીજળી માંગ પ્રમાણે સરપ્લસ રહે છે તેવા દાવા છેલ્લા નવ વર્ષથી કરવામાં આવે છે. ગુજરાતમાં પ્રાઈવેટ પ્લેયરોએ વીજ ઉત્પાદન વધાર્યુ છે જેનો સીધો લાભ ગુજરાત સરકારને થયો છે પરંતુ તે મોંઘાભાવની વીજળી ખરીદે છે. પ્રાઈવેટ વીજળી અને એનટીપીસીની વીજળીને બાદ કરતાં ગુજરાત સ્થિત પાવર પ્લાન્ટમાં ઉત્પાદનનો રેશિયો અત્યંત ધીમો રહ્યો છે. સરકારી આંકડા પ્રમાણે ૨૦૧૬માં સરકારે છત્તીસગઢને ૨.૩૫ રૂપિયા યુનિટના ભાવે ૨૫.૯૬ મિલિયન યુનિટ અને ઉત્તરપ્રદેશને ૨.૬૦ રૂપિયાના ભાવે ૪.૪૪ મિલિયન યુનિટ વીજળી વેચી છે. ૨૦૧૭માં સરકારે ૬૩૫ મિલિયન યુનિટ વીજળી ૩.૦૨ રૂપિયાના ભાવે પાવર એક્સચેન્જ થકી વેચી છે. પાવર એક્સચેન્જ થકી વીજળી ખરીદનારા અનેક ગ્રાહકો હોય છે જે અન્ય રાજ્યોને આપી શકે છે.

**પ્રગતિશીલ છબીમાં જ્યાં રૂકાવટ આવે છે તેને દૂર કરાશે તો સ્પર્ધામાં ટકી શકાશે**

**● બજેટ સત્ર પછી વિદેશ પ્રવાસની મોસમ...**

ગુજરાતમાં વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે બદલીઓની સાથે ઓફિસરોની વિદેશ યાત્રા પર બ્રેક લાગેલી છે. આ સત્ર આ મહિનાના અંતમાં જ્યારે પૂર્ણ થશે ત્યારે સરકારના કેટલાક ઓફિસરોની પેન્ડિંગ ફોરેન ટુરને સૌ પ્રથમ લીલીઝંડી આપવામાં આવી શકે છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના આદેશ પ્રમાણે જ્યાં સુધી વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યાં સુધી ઓફિસરોના વિદેશ પ્રવાસ પર નિયંત્રણ છે. વિદેશ ટ્રીપમાં જવા માગતા ઓફિસરોમાં જીએસએફસીના મેનેજીંગ ડિરેક્ટર આનંદ મોહન તિવારી, મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી મનોજ કુમાર દાસ, ગુજરાત મિનિરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન- જીએમડીસીના મેનેજીંગ ડિરેક્ટર અરૂણ સોલંકી અને જીયોલોજી એન્ડ માઈન્સના રૂપવંતસિંહનો સમાવેશ થાય છે. હાલના શિડ્યુઅલ પ્રમાણે ૨૮મી માર્ચે બજેટ સત્ર પૂર્ણ થાય છે. આ સત્ર પછી બદલીઓ અને વિદેશ પ્રવાસને માન્યતા આપવામાં આવશે તેવું લાગી રહ્યું છે.

**● ખેડૂતો દેવાદાર હશે તો આપણે સુખી નહીં થઇએ...**

ભારતમાં મહારાષ્ટ્ર રાજ્યના ખેડૂતોએ મહાનગર મુંબઈમાં લાલકૂચ કરીને રાજકારણીઓને નાની યાદ કરાવી દીધી છે. એક સર્વેના આંકડા પ્રમાણે આંધ્રપ્રદેશના સૌથી વધુ ૯૨.૯ ટકા ખેડૂતો દેવાદાર છે જ્યારે તેલંગાણાના ૮૯.૧ ટકા ખેડૂતોએ લોન લઈને દેવાં કર્યા છે. પંજાબમાં આ આંકડો ૫૩.૨ ટકા છે. સૌથી ઓછું દેવું કર્યું હોય તેવા માત્ર ૨.૪ ટકા ખેડૂતો મેઘાલયના છે. ગુજરાતના ૪૨.૬ ટકા ખેડૂતોએ બેન્ક લોન લઈને દેવાં કર્યા છે. ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળતા નથી. આજે ટાંમેટાં એક રૂપિયે કિલો વેચાય છે. સ્વામિનાથન સમિતિની ભલામણો હોવા છતાં ખેડૂતોને સરકાર વળતર આપી શકતી નથી. દેશના અન્ય રાજ્યોમાં જોઈએ તો કેરળમાં ૭૭.૭ ટકા, કર્ણાટકમાં ૭૭.૩ ટકા, ઓડિસામાં ૫૭.૫ ટકા, રાજસ્થાનમાં ૬૧.૮ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૦.૮ ટકા, મધ્યપ્રદેશમાં ૪૩.૮ ટકા, બિહારમાં ૪૨.૫ ટકા, બંગાળમાં ૫૧.૫ ટકા, હરિયાણામાં ૪૨.૩ ટકા, છત્તીસગઢમાં ૩૭.૨ ટકા તેમજ ઝારખંડમાં ૨૮.૯ ટકા ખેડૂતો દેવાદાર છે.મણિપુર જેવા નાના રાજ્યમાં પણ ૨૩.૯ ટકા, ત્રિપુરામાં ૨૨.૯ ટકા, અરૂણાચલમાં ૧૯.૧ ટકા, સિક્કીમમાં ૧૪.૪ ટકા, નાગાલેન્ડમાં ૨.૫ ટકા અને મિઝોરમમાં ૬.૨ ટકા ખેડૂતો દેવાદાર છે.